# અરવલ્લી જિલ્લામાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી

અરવલ્લી, તા. ૬

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી કે દારૂ છુટ્ટી ? અરવલ્લી જિલ્લામાં કેટલાયે પરીવારો અને યુવાધનને બર્બાદીને ગર્તામાં ધકેલી દીધા છે. જિલ્લા આમ આદમીઓ જાણે છે કે વાત્રક, નદી, મેશ્વો નદી, માજુમ નદી અને ગ્રામ્ય વિસ્તારના જંગલો, ગૌચર અને ખુલ્લા ખેતરોમાં પોલીસતંત્રની રેહમ નજર હેઠળ ખુલ્લેઆમ દેશી દારૂ ગાળવાના સાધન, દારૂ બનાવવાની સામગ્રી અને પ્લાસ્ટિકની કોથળીઓ સાથે દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. જિલ્લામાં રોજનો લાખો લિટર દેશી દારૂનુ ઉત્પાદન કરવામાં આવે છે અને આ શહેરો, ગ્રામ્ય વિસ્તારો સહીત અમદાવાદ જેવી મેઘા સીટીમાં ખાનગી વાહનો દ્વારા સપ્લાય કરવામાં આવી રહ્યો છે.

## દેશી દારૂ બનાવવાના ઉપયોગમાં લેવાતા ઝેરી રસાયણો

દેશી દારૂ બનાવતા બુટલેગરો દ્વારા અખાધ્ય ગોળ, મોવડા સાથે રાસાયણીક ખાતર, નવસાર, સાયકલની ટ્યુબના પંચર બનાવવાનુ લોશન, બેટરીના સેલનો ભુકો પાઉડર, ઢોરના ઈન્જેક્શનો, નશાકારક દવાઓ, ચામડાના ચંપલ, સહીત થુવેર નામની વનસ્પતિના દૂધનો ઉપયોગ કરી દેશી દારૂને વધુ નશાકારક બનાવવાની લ્હાયમાં લોકો સાથે ગંભીર ચેંડા કરવામાં આવે છે. જેથી જિલ્લામાં લઠ્ઠાકાંડ સર્જવાની ભીંતી રહેલી છે. અગાઉના સમયમાં પણ ઝેરી દેશી દારૂની અસરથી કેટલાય લોકો મોતને ભેટી ચુક્યા છે.

**લઠ્ઠાકાંડ સર્જાવાની ભીંતી**

દિન પ્રતિદિન કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળતી જાય છે. પોલીસતંત્રની ખાખી વરધીની બીક દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવતા અસાજિક તત્વોને રહી નથી કે પછી પોલીસતંત્રની રહેમ નજર હેઠળ સમગ્ર જિલ્લામાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે તેવી આમ આદમીમાં ચર્ચા સમગ્ર જિલ્લા સહીત વાત્રક નદી, મેશ્વો નદી, માજુમ નદીના તટમાં સહીત ખુલ્લેઆમ કેટલાક બુટલેગરો ખેતરોમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવી દેશી દારૂનુ ઉત્પાદન કરી જિલ્લામાં કયા ગામમાં અને કઈ જગ્યાએ દેશી દારૂ ગળાય છે તો પોલીસતંત્ર કેમ અજાણ ? દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવતા અને દેશીદારૂનુ વેચાણ કરનાર શખ્સોના ઘરે પોલીસ કર્મચારીઓ મુલાકાત તો લે છે પણ મુલાકાત પછી ખીસ્સા ભરી ઠાલા હાથે પરત ફરી રહ્યા હોવાનું ગ્રામ્ય વિસ્તારના લોકો જણાવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં યુવાધન અને લાખો પરીવારોને બર્બાદ કરનારા અને ગરીબીમાં ધકેલી દેનારા દેશી દારૂના અડ્ડાઓ

જિલ્લામાં ૧૦૦૦થી વધુ દેશી સહીત વિદેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. બુટલેગરોની કોઈ કાયદાની કોઈ ધાક જ રહી ના હોય, સરેઆમ બુટલેગરો કહે છે કે એક વખત પોલીસ સ્ટેશનમાં મુલાકાત પછી દારૂના ધંધામાં કોઈ અવરોધ આવતો નથી. જો કે દારૂ અંગે કોઈ ફરીયાદ કરવા છતાં કોઈ કાર્યવાહી થતી ના હોવાનુ જિલ્લાની જનતા માનસપટ પર છવાઈ ગઈ છે.





## ખેડબ્રહ્મા મામલતદાર ઓફીસમાં કોમ્પ્યુટર બંધ થતા અરજદારો રઝળી પડ્યા

ખેડબ્રહ્મા મામલતદાર ઓફીસમાં બોર્ડના રીઝલ્ટ બાદ સમગ્ર તાલુકામાંથી વિદ્યાર્થીઓ નોન ક્રિમીલીયર આવક, જાતિના દાખલા લેવા માટે વહેલી સવારથી જ લાઈન લગાવી દે છે. પરંતુ મંગળવારના સવારના જ મામલતદાર ઓફીસના કોમ્પ્યુટરની કનેક્ટીવીટી ખોટવાઈ ગઈ હતી. જેને લઈ કોમ્પ્યુટર બંધ રહેતા આવેલ અરજદારોને ધરમધક્કો પડ્યો હતો. મામલતદાર એલ.એમ. અસારીના જણાવ્યા અનુસાર હિંમતનગર ખાતે જીસ્વાન સર્વર બંધ રહેલ હોઈ જેને લઈ કનેક્ટીવીટી ન મળતી હોવાથી કામકાજ બંધ રાખવામાં આવેલ છે. આવતીકાલથી કામ શરૂ કરવામાં આવશે. જેને લઈ અરજદારોએ ઓફીસ લોબીમાં જ આરામ કરતા જોવા મળ્યા હતા.

# મોડાસા સહિત જિલ્લાના દવાખાના બે વાગ્યા સુધી સજ્જડ બંધ રહ્યા

મોડાસા, તા. ૬

મેડિકલ ક્ષેત્રમાં સરકારે દાખલ કરેલી નવી નિતિ અને નિયમોના વિરોધમાં ઈન્ડીયન મેડીકલ એસોસીએશન દ્વારા અપાયેલ રાષ્ટ્રવ્યાપી એલાનના સંદર્ભે મંગળવારે અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરના તમામ ખાનગી દવાખાનાઓ બંધ રાખી બપોરે બે વાગ્યા સુધી ઓપીડીથી દૂર રહી હડતાળ પાડી કેન્દ્ર સરકારની નવી નિતિ અને કાયદાનો વિરોધ કરાયો હતો. જિલ્લામાં ખાનગી દવાખાનાઓ બંધ રહેતા સરકારી હોસ્પિટલોમાં તબીબી સારવાર લેનાર દર્દીઓમાં નોંધપાત્ર વધારો થયો હતો.

અરવલ્લી જિલ્લા સહિત આરોગ્ય નગરી તરીકે રાજસ્થાન રાજ્યમાં પ્રચલિત એવા મોડાસા શહેરમાં તમામ ખાનગી દવાખાના મંગળવારે સવારે ૮ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી બંધ રહેતા દરદીઓ હાલાકીમાં મુકાયા હતા. મોડાસા શહેરમાં જિલ્લા સહિત પરપ્રાંતિય વાહનોમાં દરદીઓને સારવાર અર્થે ધમધમતા બસસ્ટેન્ડ પાછળનો વિસ્તાર, કડીયાવાડા રોડ અને ડીપ વિસ્તાર સૂમસામ ભાસતો હતો. જિલ્લાના અને રાજસ્થાનના દરદીઓ હડતાળથી અજાણ હોવાથી બપોરે ૨ વાગ્યા સુધી તબીબી સારવારની રાહ જોવી પડી હતી.

મોડાસા મેડિકલ એસોસીએશનના તબીબી સુત્રોના જણાવ્યા અનુસાર આઈએમએની માંગણીઓમાં અન્યની ભૂલના પગલે ફોજદારી કાર્યવાહીનો વિરોધ, કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ હેઠળ ચૂકવવા પડતા વળતરની મહત્તમ મર્યાદા રાખવા માંગ, દર્દીઓને સારવાર અને પ્રિસ્ક્રીપ્શન પર સ્વાયતતા, ડોક્ટરો તથા હોસ્પિટલ કર્મચારીઓ પર હુમલાના કિસ્સામાં કડક કેન્દ્રિય કાયદો, એક દવા એક કંપની એક કિંમત, સિંગલ વિન્ડો વ્યવસ્થા, પી.જી.સી.ટી.ની ફાળવણી, સારવાર માટે જીડીપીના પાંચ ટકા હેલ્થ બજેટની ફાળવણી વગેરે જેવા મહત્વના આશરે દોઢ દઝન જેટલા મુદ્દે મંગળવાર સહિત અરવલ્લી જિલ્લાના તમામ ખાનગી દવાખાના સવારે ૮ થી ૨ વાગ્યા સુધી બંધ રખાયા હતા. ૨ વાગ્યા પછી તબીબોના દવાખાના ધમધમી ઉઠ્યા હતા. હડતાળથી અજાણ દરદીઓ વહેલી સવારે તમામ ખાનગી દવાખાનાઓમાં સારવાર અર્થે ધસી જતા હડતાળના પગલે અસહ્ય ગરમી અને બફારાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.



## પ્રાંતિજમાં શ્રી ઝુલેલાલ જલધારાનું ખાતમુર્હુત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે નગરપાલિકા દ્વારા શ્રી ઝુલેલાલ જલધારા પીવાનાં પાણીની પરબનુ ખાત મુર્હત કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ નગરપાલિકા દ્વારા અદ્યતન આર.ઓ.પ્લાન સાથે ઠંડા પાણીની પરબ મંજુર કરવામાં આવેલ પીવાના પાણીની પરબ ઝુલેલાલ જલધારાનુ ખાતમુહૂર્ત નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં પાલિકા ચીફ ઓફિસર વી.એલ. રાઠોડ, બાંધકામ સમિતિના ચેરમેન અરવિંદભાઈ પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન નયનભાઈ દેસાઈ, પ્રહલાદભાઈ પ્રજાપતિ, નગરપાલિકા કોર્પોરેટરો તેમજ ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, સહિત સિંધી સમાજના આગેવાનો સિંધી સમાજના ભાઈઓ નગરજનો વગેરે ઉપસ્થિત રહીને જલધારાના ખાતમુહૂર્તમાં સહયોગ આપ્યો હતો.

# પ્રાંતિજ નગરપાલિકા મીની ફાયર ફાયટરના ખાનગી ઉપયોગ સામે વ્યાપક ફરિયાદો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મીની ફાયર ફાયટર પાણીના મળતું હોવાની રાહ છે ત્યારે ફાયર ફાઈટરનો પણ ખુદ પાલિકા દ્વારા જાહેરમાં દુર લોકમુખે ચર્ચાઓનુ જોર પકડયું હતુ તો બીજીબાજુ કેટલાક વિસ્તારોમાં પાણીનો પોકાર છે પાણી ના મળતુ કે ઓછુ મળે છે જેવી ફરીયાદ ઉઠવા છતાં ખુદ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા જાહેરમાં રોડ ઉપર મીનીફાયર ફાયટર દ્વારા પાણી છાંટવામા આવતાં લોકોમાં ટીકાને પાત્ર ચર્ચાએ વેગ પકડ્યો છે. ત્યારે જો ખરેખર જે વિસ્તારોમાં પાણી ના મળતુ હોય તે વિસ્તારમાં





દ્વારા પાણીનો છંટકાવ કરવામાં આવતા ભર ઉનાળે પાણીનો પાલિકા દ્વારા ખુદ વ્યય થતો જોવા મળ્યો હતો તો બીજી બાજુ કેટલાક વિસ્તારોમાં પીવાના પાણી ઓછુ મળતું હોવાની તથા ઉપયોગ તથા પાણીનો વ્યય થતો જોવા મલ્યો છે.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આગ હોલવવા માટે ઉપયોગમાં લેવાતુ મીની ફાયર ફાટરનો ઉપયોગ પાણી છાંટવામા કરતાં ફાયર ફાયટર દ્વારા પાણી પુરૂ પાડવામાં આવ્યું હોય તો સદ ઉપયોગ થયો હોત પણ હજારો લીટર પાણી છાંટી ખોટો વ્યય કરી પાણીનો પણ ભર ઉનાળે વ્યય કરતાં ટીકા ને પાત્ર બન્યુ છે.

## ભિલોડા ભાવસાર સમાજનું ગૌરવ

ભિલોડા, તા. ૬

ભિલોડા ગામના ઋષીકેશભાઈ રમેશભાઈ



ભાવસાર, ઋષભ ઓટો એજન્સીવાળાનો સુપુત્ર આર્યન ઋષીકેશભાઈ ભાવસાર અક્ષર ઈન્ટરનેશલ સ્કુલમાં ધોરણ.૧૦ માં અભ્યાસ કરતો હતો. એસ. એસ. સી. બોર્ડની પરીક્ષામાં ૯૫ ટકા એ વન ગ્રેડ મેળવી ભાવસાર સમાજ અને શાળા પરીવારનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.

## ભિલોડાના જેસીંગપુર ગામમાં સામાન્ય બાબતે ઈંટ મારતાં મામલો ગરમાયો

ભિલોડા,તા.૬

ભિલોડા તાલુકાના જેસીંગપુર ગામમાં સામાન્ય બાબતે ઈંટ માથાના ભાગે મારતાં મામલો ગરમાયો હતો. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ જેસીંગપુર ગામના ગંગાબેન કટારાએ કહ્યું કે અમારા ઘરે કેમ આવ્યો છે તેમ કહેતાંની સાથે જ શૈલેષભાઈ કટારાએ બિભત્સ મનફાવે તેમ અપશબ્દો બોલતો હતો ત્યારે ગંગાબેને અપશબ્દો બોલવાની ના પાડતાં શૈલેષભાઈ એકા-એક આવેશમાં આવી જતાં ઈંટ માથાના ભાગે છુટ્ટી મારી દેતાં ગંભીર ઈજાઓ પહોંચાડી જીલ્લા મેજીસ્ટેટના જાહેરનામાનો ભંગ કર્યો હતો. જેસીંગપુર ગામના વિશ્રામભાઈ સવજીભાઈ કટારાએ પોલીસ સ્ટેશનમાં શૈલેષભાઈ બલજીભાઈ કટારા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસાની બીકે ગેલેકસી સોસાયટીમાં મિલકતના વિવાદમાં મારામારી

ડીસા, તા. ૬

બનાસકાંઠા જિલ્લામાં મિલકત સબંધી ગુન્હાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે ત્યારે તેમની પત્નિ અને બે દીકરીઓ સાથે રહે છે જેઓ હાલમાં રહે છે તે મકાન તેમણે ત્રણ વર્ષ પહેલા તેમના મિત્ર શામળ માળીની ભાગીદારીમાં ફર્નિચરની ટોડફોડ કરી ઘરવખરીનો સામાન બહાર ફેંકી દીધો હતો તેમજ દેવીલાલની પત્ની અને દીકરીઓને પણ જબરજસ્તી કરી બહાર કાઢવાની



ડીસાની આજે ડીસા શહેરમાં પણ મકાનના વિવાદ બાબતે ૧૫ જેટલા શખ્સોએ ઘર પર હૂમલો કરી તોડ ફોડ કરી હતી અને ત્રણ મહિલાઓ સહિત ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવતા જ પોલીસ પણ તાબડતોડ બનાવસ્થળે પહોંચી હતી અને હુમલાખોરો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ ઘટનાની વિગત જોઈએ તો બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેર આજે મિલકત અંગેના વિવાદ મામલે હૂમલો થયો હતો જેમાં બી કે ગેલેક્સિ ખાતે રહેતા દેવીલાલ ખત્રી ખરીદ્યુ હતું અને બાદમાં મકાનના તમામ નાણાં તેમને શામળ માળીને ચૂકવી દીધા હતા. તે દરમ્યાન શામળ માળીનુ મોત થતા આ મકાન પચાવી પાડવા માટે તેના ભાઈ દ્વારા પ્રયાસો શરૂ કરાયા હતા. અને અનેક પ્રયાસો કરવા છતાં દેવીલાલે મકાન ખાલી કરવા સંમત ના થતા આજે શામળ માળીના નાના ભાઈ પરાગ માળી સહિત ૧૫ જેટલા શખ્સોનુ ટોળુ અચાનક તેમના ઘરમાં ઘૂસી આવ્યુ હતું. અને દેલીલાલનો પરિવાર કંઈ સમજે તે પહેલાં ટોળાએ તોડ ફોડ શરૂ કરી દીધી હતી અને ઘરમાં ટી વી, ફ્રિજ, સીસી ટીવી સહિત કોશિશ કરી હતી જ્યારે તેઓ બહાર નીકળવા તૈયાર ન થતા તેમના ઉપર પણ હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. આ ઘટનામાં ત્રણ મહિલાઓ સહિત ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચાડી ટોળું નાસી ગયું હતું. આ મામલે પીડિત દીપિકા ખત્રીએ હુમલાખોરો સામે ફરિયાદ નોંધાવી હતી.

જોકે હુમલા બાદ ગભરાઈ ગયેલ દેવીલાલનો પરિવાર તાત્કાલિક પોલીસ મથકે દોડી આવ્યો હતો અને સમગ્ર બનાવની જાણ કરતા ઉત્તર પોલીસ તેમના ઘરે પહોંચી તપાસ હાથ ધરી હતી.

## સાસરીયાઓ ધ્વારા માનસિક ત્રાસ ગુજારતાં પરણીતાએ પીયરની વાટ પકડી

ભિલોડા,તા.૬

ભિલોડા તાલુકાના કુંડોલપાલ ગામની પરણીતાને સાસરીયાઓ ધ્વારા શારિરીક માનસિક ત્રાસ ગુજારી ગળદાપાટુનો માર મારતાં પરણીતાએ પીયરની વાટ પકડી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ કુંડોલપાલ ગામની પરણીતા લલીતાબેન મનીષભાઈ બોદરના પતી મનીષભાઈ બદાજી બોદરએ કહ્યું કે તુ ઘરનું કામકાજ બરાબર કરતી નથી તેમ કહી બિભત્સ અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારતાં મામલો ગરમાયો હતો. કુંડોલપાલ ગામની પરણીતા લલીતાબેનના ૧૨ વર્ષના લગ્નજીવન દરમ્યાન ત્રણ સંતાનો પણ છે.ઘર કંકાશના કારણે પરણીતાએ પીયરની વાટ પકડી હતી.

કુંડોલપાલ ગામની પરણીતા લલીતાબેન મનીષભાઈ બોદરએ શારિરીક માનસિક ત્રાસ ગુજારતાં અને ગળદાપાટુનો માર મારનાર સાસરીયાઓ (૧) મનીષભાઈ બદાજી બોદર, પતી (૨) બદાજી મોનાજી બોદર, સસરા (૩) શાંતાબેન બદાજી બોદર, સાસુ, તમામ રહેવાસી. કુંડોલપાલ, તા.ભિલોડા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.



## ભિલોડા અક્ષર ઈન્ટરનેશલ સ્કુલમાં વૃક્ષારોપણ યોજાયું

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશલ સ્કુલમાં વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ચિત્રસ્પર્ધા યોજાઈ હતી જેમાં નર્સરીથી ધોરણ.૧૦ સુધીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પર્યાવરણ અને વૃક્ષોને બચાવવા સંદર્ભે મેસેજવાળા આહ્લાદક ચિત્રો દોર્યા હતા. આચાર્ય રાજેન્દ્રસિંહ ચૌહાણ, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં વૃક્ષારોપણ કરાયું હતું.

# એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની ખાતે શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર ખુલ્લુ મુકાયુ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કાટવાડ પાટીયા પાસેઆવેલ એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની ખાતે શ્રમયોગી કલ્યાણ કેન્દ્રને લેબર વેલ્ફેર ઓફિસર અંનત પટેલ દ્વારા શ્રમયોગીઓ માટે ખુલ્લપ મુકવામાં આવ્યું.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ હિંમતનગર રોડ ઉપર આવેલ કાટવાડ પાટીયાં એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની ખાતે ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ શ્રમ અને રોજગાર વિભાગ ગુજરાત રાજય દ્વારા સંગઠિત ક્ષેત્રે કામ કરતાં શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોના કલ્યાણ માટે ધી બોમ્બે લેબર વેલ્ફેર ફંડ એક્ટ ૧૯૫૩ની કલમ-૭માં નિર્દિષ્ટ કલ્યાણકારી પ્રવૃત્તિઓના ભાગરૂપે ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ શ્રમ અને રોજગાર વિભાગ ગુજરાત તથા એશીયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડના સંયુક્ત ઉપક્રમે ૧.૭૫ લાખના ખર્ચે તૈયાર શ્રમયોગી કલ્યાણ કેન્દ્રનો શુભારંભ લેબર વેલ્ફેર ઓફિસર અનંત પટેલ, કંપનીના ડીરેક્ટર જયંતિભાઈ એમ.પટેલ, જગદીશભાઈ આર.પટેલ તથા એચ.આર.ડીપાર્ટમેન્ટ, નિકુલભાઈ ખંભાતી, કુણાલભાઈ, ડાં જશુભાઈ સહિત સ્ટાફ તથા શ્રમયોગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## ભિલોડા વન વિભાગ ધ્વારા વૃક્ષારોપણ કરાયું

ભિલોડા,તા.૬

ભિલોડા વન વિભાગ ધ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે ભિલોડા મામલતદાર જી.કે.પટેલ,નાયબ મામલતદાર નરેન્દ્રભાઈ ચૌધરીના વરદ્ હસ્તે વૃક્ષોરોપણ કરાયું હતું.વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.